પ્રકરણ ૩ જું

# ખંભાત વિષે મહાવિદ્વાનોનો વાગ્વ્યાપાર

## ઉપક્રમ

કેવો ધન્ય દિવસ! કેવી ધન્ય પળ! ખંભાતમાં ટોળકિયા બ્રાહ્મણની વાડીમાં ખંભાતના ધર્મપ્રેમી બ્રાહ્મણો તરફથી કંઈ વર્ષોથી વૈશાખ સુદી ૫ના દિવસે ભગવાન આદ્ય શંકરાચાર્યની જયંતી ઉજવાતી હતી. તે પ્રમાણે સને ૧૯૧૧ની સાલ હતી. ખંભાતની ગાદી પર નવાબ જાફરઅલીખાનસાહેબ બિરાજે અને પ્રધાનપદે શ્રી માધવરાવ હરિનારાયણ હતા, શ્રી માધવરાવ શંકરજયંતીમાં પ્રમુખપદે બિરાજેલા, અને તે દિવસના મુખ્ય વક્તા તરીકે ગુજરાતના મહામહોપાધ્યાય જેવા ગણાતા શ્રી કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી સુરતથી ખંભાત પધારેલા. તેમણે આકરગ્રંથ 'શાંકરભાષ્ય'નું ગુજરાતી ભાષાંતર કરેલું હોવાથી તેમને આ પ્રસંગના મુખ્ય વક્તા તરીકે નિમંત્રણ કરવામાં આવેલું; તેઓશ્રીએ ભાષણમાં ખંભાતના બ્રાહ્મણો અને પ્રજાજનોને સંબોધીને કહેલું કે 'તમારી સ્તંભાવતી નગરી પ્રાચીન છે. સોમેશ્વરના કીર્તિકૌમુદી જેવા ગ્રંથમાં તેનું વર્ણન આવે છે. એ પ્રાચીન શહેરની જાહોજહાલી અગાઉ કરતાં હાલ ઘણી ઓછી થઈ છે; તોપણ પ્રાચીન શહેરમાં પ્રાચીન વિષે વાસના જોવામાં આવે છે; એ ઘણી ખુશીની વાત છે.'[1]

ઉપરના વ્યાખ્યાનમાં (વિ. સં. ૧૯૬૭) 'સ્તંભાવતી' શબ્દ વક્તાએ વાપર્યો, ત્યારે મનમાં કંઈ કલ્પના પણ નહિ હોય કે આ શબ્દ ગુજરાતના વિદ્વાનોમાં ભારે ચર્ચા જગાવશે.

## ગુજરાતના રસિક વિદ્વાનો

ઉપરના 'સ્તંભાવતી' શબ્દ ઉપરથી ખંભાતની શબ્દનાં વ્યુત્પત્તિ તથા તેનાં નામ પડવાના ઇતિહાસ વગેરે વિષે ઘણું સૂક્ષ્મ સંશોધન કરી ગુજરાતના સુપ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી સાક્ષર સ્વ. શ્રી નરસિંહરાવ ભો. દીવેટિયાએ વિ. સં. ૧૯૬૯ (ઈ. સ. ૧૯૧૩)માં ચર્ચા જગાવી; આ મહાચર્ચામાં ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાનોએ ભાગ લીધો.

૧ શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા — (૧) 'વસંત' સં. ૧૯૬૯ ભાદરવો; (૨) વસંત ૧૯૭૦ (૩) 'બુદ્ધિપ્રકાશ' સને ૧૯૧૪ માર્ચ, મે.

૨ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ, એમ. એ. વડોદરા પુસ્તકાલયના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ, બુદ્ધિપ્રકાશ, સને ૧૯૧૪

૩ શ્રી તનસુખરામ મનસુખરામ. 'વસંત' સં. ૧૯૭૦.

૪ શ્રી ઉમાશંકર જોષી :– 'પુરાણોમાં ગુજરાત' પૃ. ૨૧૧–૨૧૪.

૫ શ્રી ભોગીલાલ સાંડેસરા; એમ. એ. પી. એચ ડી. નિયામક પ્રાચ્યવિદ્યામંડળ, વડોદરા.

---

[1] વિ. સ. ૧૯૬૭, સને ૧૯૧૧ના વૈશાખ સુદ ૫ ને બુધવારે ખંભાતમાં ટોળકિયા બ્રાહ્મણની વાડીમાં શ્રીમદ્ શંકરાચાર્ય જયંતી પ્રસંગે શ્રી કમળાશંકર પ્રા. ત્રિ.એ વ્યાખ્યાન આપેલું, તે 'બુદ્ધિપ્રકાશ' પૃ. ૫૮ સને ૧૯૧૧ના જુન, જુલાઈ અને ઑગસ્ટના અંકમાં છપાયું છે.

૬ શ્રી કેશવરામ કા. શાસ્ત્રી; અધ્યાપક,
ફા. સા. સભા તરફથી પ્રસિદ્ધ થયેલા, ગુ. મહાભારત.

૭ શ્રી રત્નમણિરાવ ભીમરાવ, બી. એ. :–
' પુરાતન ખંભાત ' પ્રસ્થાન પુ. ૧૪ અં. ૩-૪

૮ શ્રી હરિવલ્લભ ચુ. ભાયાણી
પ્રાધ્યાપક : ભારતીય વિદ્યાભવન – મુંબઈ
' ગુજરાતી સાહિત્યપત્રિકા ' પૃ. ૪ થું સને ૧૯૪૭

૯ શ્રી અમૃત પંડ્યા. પુરાતત્ત્વખાતું – વિદ્યાનગર – આણંદ
નવસંસ્કાર તા. ૫–૬–૫૯

૧૦ શ્રી રમણલાલ નાગરજી મહેતા
પુરાતત્ત્વખાતું – મહા. સ. યુ. વડોદરા.
' ખંભાત તાલુકાનાં સ્થળનામો ' વડોદરા યુ.ના ઉપક્રમે સ્થળનામ સંસદમાં આપેલું ભાષણ.

આ સિવાય બીજા વિદ્વાનોએ રસ લીધો છે. ગુજરાતના કોઈ શહેર વિષે આટલી વિસ્તીર્ણ ચર્ચા થયાનું જાણમાં નથી. આ સઘળી સૂક્ષ્મ ચર્ચામાંથી અભ્યાસીને ઘણું નવનીત મળી શકશે.

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાક્ષરવર્ય શ્રી સ્વ. નરસિંહરાવ કે જેઓ ગુજરાતી ભાષાના વ્યુત્પત્તિ-શાસ્ત્રમાં ખૂબ રસ લેનાર સાક્ષર હતા તેમની વિદ્વત્તાનો લાભ ખંભાતને પણ મળ્યો છે, ' ખંભાત ' શબ્દના સંશોધન વિષેના વિદ્વાનોના લેખો કાયમનું સ્વરૂપ લે અને ઇતિહાસ સચવાઈ રહે તે દષ્ટિથી તેમના જ શબ્દોમાં અત્રે આપવામાં આવ્યા છે.

## શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા

### ખંભાત

' ખંભાત શહેરનું નામ શા ઉપરથી પડયું હશે ? રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ આ ગામને ' સ્તંભાવતી ' એક સ્થળે કહે છે — " તમારી ' સ્તંભાવતી ' નગરી પ્રાચીન છે. સોમેશ્વરની કીર્તિ કૌમુદી જેવા ગ્રંથમાં પણ જોવામાં આવે છે. ( બુદ્ધિપ્રકાશ ઓગસ્ટ સને ૧૯૧૧ પૃ–૨૩૫ ).

( પ્રસંગવશાત્ કહું છું કે કીર્તિકૌમુદીનો સમય વિક્રમ સંવતના તેરમા સૈકાના ઉત્તરાર્ધમાં છે. તેથી લગભગ એક સૈકા પૂર્વે પણ ખંભાતનું નામ એક ગ્રંથમાં[1] મળે છે. જેથી કીર્તિકૌમુદીના આધારે પ્રાચીનતા કહેવામાં કંઈક ઊનતા આવે છે. )

અત્યાર સુધી તો ' સ્તંભતીર્થ ' એમ નામ આપણે જાણતા આવ્યા છીએ; તો એમાંથી કઈ વ્યુત્પત્તિ હશે, ' સ્તંભતીર્થ ' કે ' સ્તંભાવતી ? ' બંનેના ગુણદોષ તપાસીએ, તપાસની જરૂર તો નહોતી; પરંતુ રા. કમળાશંકર જેવા વિદ્વાન ' સ્તંભાવતી ' જેવો પ્રયોગ કરે ત્યારે જરાક શોભવાનું અને તપાસવાનું કારણ ઉત્પન્ન થાય.

સ્તંભાવતી —

( ૧ ) આ શબ્દ કોઈ પ્રમાણભૂત ગ્રંથમાં, લેખમાં ઇત્યાદિમાં વપરાયાનું જાણ્યું કે સાંભળ્યું નથી. પણ રા. કમળાશંકરે સ્તંભાવતી નામ દઈને ' કીર્તિકૌમુદી 'માં તેનું વર્ણન છે એમ કહ્યું છે તો એ ગ્રંથમાં એ નામ હશે એમ ગણાય. પરંતુ કીર્તિકૌમુદીમાં તપાસતાં તેમાં પણ ' સ્તંભતીર્થ ' છે ' સ્તંભાવતી ' નથી. *

स्तंभतीर्थ जगाम श्रीवस्तुपालो विलोकितुम् ॥
स्तंभतीर्थं मनस्तीर्थं प्रभाव इव............

( ૨ ) ' સ્તંભાવતી 'માં ' સ્તંભ ' અન્ત્ય અકારનો આ થવા માટે કશું પ્રમાણ નથી. મતોષ-

૧ ' વસંત ' માસિક સં. ૧૯૬૯ના ભાદરવો પૃ–૪૩૬.
* કીર્તિકૌમુદી સર્ગ ૪ના શ્લો. ૩ તથા ૪.

हवच्योनजिरादिनाम् । ( પાણિની — ૬-૩-૧૧૯ ) એ સૂત્ર પ્રમાણે બહુ ( એકથી કરતાં વધારે ) સ્વરવાળા શબ્દોની પછી मत् ( — वत् ) પ્રત્યય આવે તો તેનાથી અન્ત્ય સ્વર દીર્ઘ થાય – આખો શબ્દ સંજ્ઞાવાચક ( = વિશેષનામ ) હોય તો. આજરાદિ શબ્દોને આ નિયમ લાગતો નથી. બીજું સૂત્ર शरादिनांच ૬–૩–૧૨૦ છે. તે પ્રમાણે શર વગેરે શબ્દોને मत् ( — वत् ) પ્રત્યયં લાગતાં અન્ત્ય સ્વર દીર્ઘ થાય. આ બીજાં સૂત્રો આ પ્રસંગે કામનાં નથી. હવે स्तम्भतीर्थ શરાદિ ગણમાં પણ એ શબ્દ નથી એટલે અહીં સૂત્ર स्तम्भ કામ નહિ આવે.

( પરંતુ આ વાંધો બહુ મહત્ત્વનો નથી. કાલાન્તરે નવા નવા શબ્દોનો પ્રવેશ ઉપર કહેલા ગણમાં થાય એ અસંભવિત નથી. પુષ્પાવતી, પદ્માવતી શબ્દો બને છે. પરંતુ કોઈ પ્રમાણભૂત ગ્રંથાદિકમાં પ્રયોગ થયાનો આધાર તો જોઈએ જ. એટલે ના...મળીને આબાદ સબળતા મેળવે છે.)

(૩) ' ખંભાત ' શબ્દ स्तम्भावती શબ્દ ઉપરથી ઉપજાવી શકાય એમ વાગ્વ્યાપારના નિયમો અહીં બાધક બને છે. स्तम्भावतीનું પ્રાકૃતદ્વારા ' ખંભાવ ' કે ' ખંભાવઈ ' થાય પણ ' ખંભાત ' ના થઇ શકે.

(૪) ' ખંભાત ' એ નપુંસકલિંગમાં વપરાય છે. स्तम्भावती ઉપરથી એ બન્યો હોય તો સ્ત્રીલિંગમાં વપરાત. કાન્હડદે પ્રબંધમાં — કિસ્યુ ખંભાયત — એમ નજરે પડે છે, તે નપુંસકલિંગના મૂળનું સૂચક છે. ત્યારે ' ગુજરાત ' જે ' ગુર્જરત્રા ' ઉપરથી થયો છે તે માટે ' ગૂજરાતિ ' તે કહી ઈ કિસી '— એમ સ્ત્રીલિંગનો પ્રયોગ વ્યુત્પત્તિ અનુસાર છે.

स्तम्भतीर्थ

(૧) આ નામ પ્રાચીન સમયથી વપરાતું આવ્યું છે તેનાં અસંદિગ્ધ પ્રમાણો છે :

(क) શ્રી સ્તંભતીર્થ पुटभेदनं च
यत्रोभयत्र स्फुरतः पुरे द्वे ।
अहम्मदावाद पुरान नायाः
किं कुण्डले गर्जर देशलक्ष्याः ॥

( દેવવિમલગણિકૃત હીરસૌભાગ્ય નામના મહાકાવ્યનો સર્ગ )

આ કાવ્યની ભૂમિકામાં તેના કર્તાના સંબંધમાં નીચે પ્રમાણે લખ્યું છે. તેની નીચે... નિર્માણ समयस्तु वर्णनीयस्य हीरविजयमणमंरणस्य १६५२ विक्रम संवत्सरे ( ૧૫૯૫ ઈ. સ. ) भाद्रपद शुक्ले कादश्यां वर्णितत्वेन षोडशशतकादुप—रितन एव...

(ख) ' કીર્તિકૌમુદી ' સર્ગ ૪ શ્લોક ૩–૪ માં પણ બે વાર स्तम्भतीर्थ નામ ઉપર આપણે જોઈ જ ગયા. એ ગ્રંથનો રચનાર સોમેશ્વર દેવ વિ. સં. ૧૨૫૦–૧૩૦૦ સુધીમાં થઈ ગયો એમ આચાર્ય વલ્લભજી હરિદત્ત બતાવે છે.

(ग) વસ્તુપાલ તેજપાલ એ બે ભાઈઓના કુલ ૧૬ લેખ જાણવામાં આવ્યા છે. તેમાંના ગિરનારમાંના એક લેખમાં स्तम्भतीर्थ નામ છે. ચોથો લેખ આચાર્ય વલ્લભજીએ ગણાવ્યો છે તેમાં પણ स्तम्भतीर्थ ( ને વેલાકુલ ? ) (બંદર)નું વિશેષણ આપ્યું છે. આ લેખો સંવત ૧૨૭૩ અને ૧૨૮૯ દરમિયાનના હશે એમ આચાર્ય વલ્લભજીની અવિશદ પ્રસ્તાવનાથી જણાય છે.

(घ) प्रवासकृत्य નામના ગ્રંથનો રચનાર ગંગાધર ગ્રંથને અંતે મૂકેલા વચનમાં કહે છે કે આ ગ્રંથ મેં વિ, સં. ૧૧૬૩માં ગુર્જરમંડલમાં આવેલા स्तम्भतीर्थમાં સંપૂર્ણ કર્યો.

[ ગુ. મી. દેવદત્ત આર. ભાંડારકર–એમ. પેજ ૧૪૮ ]

આમ સ્તમ્ભતીર્થ શબ્દ વિ. સં. ૧૬૫૨ પછીના હીરસૌભાગ્યમાં તેથી પૂર્વ વિ. સં.

૧૨૫૦–૧૩૧૧ના કીર્તિકૌમુદી કાવ્યમાં તથા તે અરસાના શિલાલેખોમાં અને તેથી પણ પૂર્વ વિ. સં. ૧૧૬૩ પ્રવાસફૂલ ગ્રંથમાં નજરે પડે છે. અને એ છેવટના સમયમાં એ નામ પ્રાચીન હશે એમ સંભવ છે. ભિન્નભિન્ન લેખો અને ભિન્ન ભિન્ન ગ્રંથોમાં એક જ નામ નજરે પડે છે. તેથી એ નામ પંડિતોએ માત્ર ગ્રંથાદિમાં ગોઠવવાને રચેલું હોવાનો સંભવ પણ ટળે છે. તો છેક ૮૦૦ વર્ષ ઉપર જે નામનો ઉલ્લેખ થયેલો છે તે મૂકીને સ્તમ્ભાવતી એ કલ્પિત અને નિરાધાર નામ સ્વીકાર કરવાને તૈયાર નહિ થાઉં.

(૨) વ્યુત્પત્તિ તપાસતાં પણ ' ખંભાત ' શબ્દ સ્તમ્ભતીર્થ ઉપરથી આવેલો જણાય છે. સં. **स्तम्भतीर्थं**; પ્રા. **खंभइत्थं** પછી ખંભાયત, ખંભાત.

( હજી પણ ' ખંભાયત ' એમ કેટલાક લોકો કહે છે. કાહ્નડદે પ્રબંધમાં ' ખંભાયત ' શબ્દ છે એ આપણે પાછળ જોયું છે.)

(૩) આ વ્યુત્પત્તિમાં ખંભાત શબ્દ નપુંસક-લિંગમાં છે તેનો ખુલાસો મળે છે. **तीर्थम्** નપુંસકલિંગથી છે તેથી.

એક વિદ્વાન મિત્ર સૂચવે છે કે ' ખંભાત 'ની વ્યુત્પત્તિ **स्कम्भतीर्थ** ઉપરથી કેમ ન સંભવે? **स्कम्भतीर्थ**નું પછીથી **स्तम्भतीर्थ** થઈ ગયું હોય એમ કેમ ના હોય? **स्काम:** The Supreme Being 2 Name of a Verei Deity એમ આપ્ટે આપે છે. આ મિત્ર એનો અર્થ શિવ કરે છે. ખંભાતમાં શિવનું દેવાલય તો છે અને બધે હોય એટલા ઉપરથી વિશેષ લક્ષણ ગણી નામ પડે એ સંભવ ઓછો. પણ વિ. સં. ૧૧૬૩ સુધી આપણે **स्तम्भतीर्थ** નામ જોઈએ છીએ તો તેના વિષે **स्कम्भतीर्थ** કલ્પના શા આધારે મૂકાય? વિ. સં. ૧૧૬૩ની બહુ પૂર્વે **स्कम्भ** મુકવું પડે. અને તે માટે પણ ગ્રંથ કે શિલાલેખાદિકનાં પ્રમાણ જડ્યાં નથી. તો તર્કને કેમ સ્થાન અપાય?

માટે સ્તમ્ભતીર્થ એ વ્યુત્પત્તિ તથા નામને જ હજી તો આપણે સ્વીકારીએ.

બીજો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે સ્તમ્ભતીર્થ નામ પડયું શા ઉપરથી જાણવું.

જાણ્યા પ્રમાણે રા. કેશવલાલ ધ્રુવે કે કોઈ એ એમ કલ્પના એક વાર ઉપસ્થિત કરી હતી કે ખંભાત પાસે દીવાદાંડી હશે તે ઉપરથી સ્તમ્ભતીર્થ પડેલું. પરંતુ આ કલ્પના માટે કશો આધાર નથી. સ્તમ્ભનો અર્થ દીવાદાંડી થાય એમ લાગતું નથી. તેમ ખંભાતમાં દીવાદાંડી હશે એ કેવળ તર્ક ઉપર ચણતર ન ચણાય. વળી કીર્તિકૌમુદીમાં ખંભાતનું, ત્યાંના સમુદ્રનું એમ સવિસ્તર વર્ણન છે. પણ દીવાદાંડીનું નથી. તેમજ દીવાદાંડી કાંઈ ખંભાતનું વિશિષ્ટ લક્ષણ ના હોય. દીવાદાંડી એ તો સમુદ્રકિનારે અનેક સ્થળે હોય; એટલે તે ઉપરથી તે અર્થનું નામ પડે એ અસંભવિત છે તેમ વળી દીવાદાંડીને તીર્થ જોડે શો સંબંધ?

એક બીજી કલ્પના નોંધવા જેવી છે, ખંભાતમાં સ્તમ્ભેશ્વર મહાદેવ છે. તેનું લિંગ **स्तम्भ**ના આકારનું કાંઈક છે. આમ હોય તો આ ઉપરથી સ્તમ્ભતીર્થ નામ કેમ ના પડયું હોય?

કુમારિકાખંડમાં વાર્તા છે કે ત્રેતાયુગમાં કુમારે ( કાર્તિકેય ) તારકાસુરનો વધ કર્યા પછી તે વખતે આ મહાદેવની સ્થાપના થઈ હતી. ( તારાપુર ગામ ખંભાત પાસે છે તે તારકાસુરના નામ ઉપરથી પડેલું કહેવાય છે. )*

હીરસૌભાગ્ય કાવ્યમાં ખંભાતમાં આવેલા સ્તમ્ભન પાર્શ્વનાથનું માહાત્મ્ય સ્તમ્ભનપાર્શ્વનાથ-દેવ એમ [ સર્ગ ૧લો શ્લોક ૪૪ ] માં છે. આ ઉપરથી એમ પણ નામ ખંભાતનું જણાય છે, પરન્તુ વખતે છંદની સગવડ માટે પણ કવિએ રચ્યું હોય. ખાસ એટલા ઉપરથી કહું છું કે એ

* આ હકીકત ખભાતના કવિ દયાશંકર રવિશંકરે તેમને પૂરી પાડી હતી.